## જેતપુરપાવી પાસે ભારજ નદીના પટમા અધૂરા બનેલા ડાયવર્ઝનનો લોકોએ ઉપયોગ શરૂ કરી દીધો

ચોમાસુ પૂર્ણ થયા પછી આ ધોવાણ થયેલ ડાયવર્ઝનનું કામ નવેસરથી શરૂ કરાયું હતું



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.17
સિહોદ ભારજ નદીમાં ચોમાસા દરમિયાન ધોવાઈ ગયેલું અધિકૃત ડાયવર્ઝનનું પેવમેન્ટ સરફેસ તૈયાર થાય તે પહેલા જ લોકોએ આ અધૂરા બનેલા ડાયવર્ઝનનો ઉપયોગ શરૂ કરી દીધો છે.
છોટાઉદેપુર જિલ્લામાં નેશનલ હાઈવે 56 જે જિલ્લા મથકનો પ્રવેશ દ્વાર ગણાય છે તેના પર બનેલ ભારજ નદીના ડાયવર્ઝનમાં ચોમાસા દરમિયાન ધોવાણ થયેલ હતું. ચોમાસુ પૂર્ણ થયા પછી આ ધોવાણ થયેલ ડાયવર્ઝનનું કામ નવેસરથી શરૂ કરાયું હતું. હજી પણ આ બાંધકામનું કામ પૂર્ણ થયું નથી. તેનું ટોપ લેવલ સરફેસ એટલે કે પેવમેન્ટ. હજી તૈયાર કરવાનું બાકી છે તે પહેલા જ અહીંથી વાહન વ્યવહાર લોકોએ સ્વયંભૂ રીતે શરૂ કરી દીધો છે. આ જગ્યાએ જનતા ડાયવર્ઝન સ્થાનિક યુવાનો અને આગેવાનોએ તૈયાર કર્યું હતું. લોકો દ્વારા નિર્માણ કરાયેલ ડાયવર્ઝનના બંને દિશાના એપ્રોચ પર મસ મોટા ખાડા પડી ગયા હતા. મોટરસાયકલ, કારો અને છગડા જેવા વાહનો ને અહીંથી પસાર થવું મુશ્કેલ ભર્યું બની ગયું હતું.
દરમિયાન અધિકૃત ડાયવર્ઝન જે નિર્માણાધિન હતું તેના પરથી હજી કામગીરી પૂર્ણ થઈ નથી તેમ છતાં પણ લોકોએ મુશ્કેલ રાહને બદલે સરળ અને સીધો રસ્તો ઉપલબ્ધ બનતા તેના પરથી વાહન વ્યવહાર શરૂ કરી દીધો છે. એન એચ 56 વિભાગ તાકીદે આ ડાયવર્ઝનના પેવમેન્ટ ને રેડી કરી વાહન વ્યવહાર માટે સુયોગ્ય બનાવે અને તેને ખુલ્લો મૂકે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

## જેતપુરપાવીના લોઢણ ગામ પાસે કારમાંથી 1.77 લાખન દારૂ ઝડપાયો

જેતપુરપાવી : જેતપુરપાવી પોલીસ સ્ટેશન વિસ્તારના સિહોદ ગામે ત્રણ રસ્તા પાસે વાહન ચેકીંગ ચાલી રહ્યું હતું તે દરમિયાન એક સફેદ કલરની ફોરવિલર બલેનો ગાડી શંકાસ્પદ રીતે આવતા તેને હાથ ઊંચો કરી ઉભો રહેવા ઈશારો કર્યા હતો છતાં તે ઊભો રહેવાના બદલે ફુલ સ્પીડે હકારીને જતા આગળ સિથોલ ગામ પાસે ગાડીનું ટાયર ફાટીજતા ગાડીના ચાલક દ્વારા લોઢણ ગામની સીમમાં આવેલા બાબાદેવ ડુંગરીની તળેટીમાં ગાડીમુકીને ચાલક ફરાર થઈ ગયો હતો ગાડીને ચેક કરતા વિદેશી દારૂની મળી આવ્યો હતો દારૂની કિંમત ૧,૭૭,૯૬૮ તેમજ ગાડીની કિંમત ૪,૫૦,૦૦૦ મળી કુલ ૬,૨૭,૯૬૮ મુદ્દામાલ પકડી જેતપુરપાવી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

ઓપરેશન પરાક્રમ હેઠળ પોલીસને સફળતા મળી

## શિનોર પોલીસે ગણતરીના કલાકોમાં ખુનની કોશીષનો ગુનો ડીટેકટ કર્યો

(પ્રતિનિધિ) શિનોર, તા.17
શિનોર તાલુકાના માંજરોલ ગામે ઓપરેશન પરાક્રમ હેઠળ શિનોર પોલીસે ગણતરીના કલાકોમાં ખુનની કોશીષનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરી એક આરોપીની ધરપકડ કરી છે.
આ મામલે શિનોર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૦૯(૧) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો..



પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદીના પુત્ર તથા ઈજાગ્રસ્ત વિજયભાઈ બાલુભાઈ પાટણવાડીયા તા. ૧૪/૦૧/૨૦૨૬ના રોજ રાત્રે પોતાના રૂમમાં સૂતેલા હતા, તે દરમિયાન કોઈ અજાણ્યા ઈસમ દ્વારા તેમને મારી નાખવાના ઈરાદે જીવલેણ હુમલો કરી આરોપી ફરાર થયો હતો. આ ગંભીર ગુનાની ગંભીરતા સમજી એ.એમ. પટેલ, નાયબ પોલીસ અધિક્ષક, ડભોઈ ડિવિઝન તથા મિલન મોદી, નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી./એસ.ટી. સેલ, વડોદરા ગ્રામ્યના માર્ગદર્શન હેઠળ શિનોર પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા સ્થાનિક ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ શરૂ કરી હતી. માજરોલ ગામે રિંકન્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

## બોડેલી કન્યાશાળા પીએમ ગુજરાતમાં ભવ્ય સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) બોડેલી, તા.17
બોડેલી કન્યાશાળા પીએમ - ગુજરાત ખાતે પીએમશાળાઓ અંતર્ગત વર્ષ દરમિયાન યોજાતી વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે તારીખ ૧૭-૦૧-૨૦૨૬ ને શનિવારના રોજ ભવ્ય સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી સંજયભાઈ રાઠવા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી જશવંતભાઈ પરમાર, ગ્રામ પંચાયતના સદસ્ય અનવરભાઈ મન્સૂરી, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી તથા બીઆરસી નટવરસિંહ ચૌહાણ, બોડેલી



તાલુકાના ગૃપાચાર્ય હર્ષભાઈ વરિયા, એસએમસીના અધ્યક્ષ મનીષભાઈ બારીયા, ઉપાધ્યક્ષ રણજીતભાઈ બારીયા, બોડેલી સીઆરસી ધર્મેન્દ્રસિંહ ગોહિલ , જબુગામ સીઆરસી શંકરભાઈ રાઠવા ,એસએમસીના સભ્યઓ ઉપરાંત મોટી સંખ્યામાં વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સ્પોર્ટ્સ ડેની શરૂઆત અલીપુરા ચાર રસ્તાથી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના હસ્તે મશાલ પ્રજ્વલિત કરીને કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મશાલ સાથે દોડ લગાવી શાળાએ પહોંચી રમતોત્સવની ભવ્ય શરૂઆત કરી. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.

## છોટાઉદેપુર જિલ્લા સેવા સદન ખાતે સંકલન સમિતિની બેઠક મળી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.17
જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને છોટાઉદેપુર જિલ્લા સેવા સદનના સંકલન હોલ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી હતી.
આ બેઠકમાં ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાની ઉપસ્થિતમાં સૂર્ય ઘર યોજના, લાઈબ્રેરી નિર્માણ, એમજીવિસીએલની અન્ડર ગ્રાઉન્ડ લાઈન, ખેતીવાડીની યોજનાઓ સહીત જન સુખાકારીની સુવિધાઓની વિવિધ બાબતોને સ્પર્શતા પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવી હતી. સંકલન સમિતિની બેઠકમાં જિલ્લા કલેક્ટરએ સંકલન સમિતિના અધિકારીઓને જન પ્રતિનિધિઓના પ્રજાલક્ષી પ્રશ્નો



પર ચર્ચા કરી તેનો નિયત સમયમર્યાદામાં હકારાત્મક નિકાલ કરવા તાકીદ કરી હતી. વધુમાં અધિકારીઓને જન પ્રતિનિધિઓ સાથે સંકલન કરી વિકાસ કાર્યોને ઝડપી વેગ આપવામાં સૂચન કર્યું હતું.આ બેઠક સાથે રોડ સેફ્ટી, કાયદો વ્યવસ્થા, એનકોડ સહીતની બેઠકો યોજાઈ હતી. જેમાં જિલ્લા કલેકટર દ્વારા સમીક્ષા કરી જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.

## ડભોઈના મંડાળા ગામે કલાત્મક ‘મધુહંસ પ્રવેશ દ્વાર’નું લોકાર્પણ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.17
ગામ નો પ્રવેશ ધ્વાર એ ગામની શક્તિ,સંગઠન અને સંસ્કાર ની ઓળખ છે.આ પ્રવેશ ધ્વાર માથી ગામ માં ખોટા અને અસામાજિક મનોવૃત્તિ ધરાવતા લોકો ને પ્રવેશ ના કરવા દેવાની ફરજ પણ ગામ લોકો ની છે. ઉપરોક્ત શબ્દો નું ઉચ્ચારણ કોંગ્રેસ ના દિગ્ગજ નેતા અને સમારંભ ના પ્રમુખ તરીકે હાજર રહેલા સિધ્ધાર્થભાઈ પટેલે મંડાળા ખાતે પ્રવેશ ધ્વારના લોકાર્પણના કાર્યક્રમમાં કર્યું હતું ડભોઇ તાલુકાના મંડાળા ગામે આધુનિક,કલા કોતરણી અને રંગરોગાન સાથેનો કલાત્મક મધુહંસ પ્રવેશ ધ્વાર મંડાળા ગામ ના વતની અને હાલ માં અમેરિકા ખાતે



રહેતા રાજેન્દ્ર ભાઈ મધુસૂદનભાઈ પટેલ એ માતા પિતાના સમાનાર્થે દાતા તરીકે આગળ આવી ગામની ભાગોળ માં જ કલા કોતરણી સાથે સુશોભિત “ મધુહંસ પ્રવેશ ધ્વાર “ નું નિર્માણ કરાવ્યું છે.જે પ્રવેશ ધ્વાર સંપૂર્ણ તૈયાર થશે જતા તેનું ઉદ્ઘાટન રમણભાઈ જગાભાઈ પટેલ (બબુમડા) તેમજ સમારંભ ના પ્રમુખ અને માજી ધારાસભ્ય સિધ્ધાર્થભાઈ પટેલ ના વરદ હસ્તે રાખવામાં આવ્યું હતું. જેમાં વડોદરાના માજી મેયર રણજીતભાઈ ચૌહાણ, મઢી સુગર ફેકટરીના ચેરમેન સમીર છીતુભાઈ ભક્તા,વડોદરા જીલ્લા કેળવણી મંડળ પ્રમુખ શશિકાંતભાઈ પટેલ, વડોદરા જીલ્લા પંચાયત ઉપપ્રમુખ અશ્વિનભાઈ પટેલ (વકીલ),અશોકભાઈ પટેલ (કારવણ), ઉમેશભાઈ (મંડાળા) પટેલ, અશોકભાઈ પટેલ સહિત ના અગ્રણીઓ અને મંડાળા સહિત આજુબાજુ ના ગામો ના આગેવાનો,ગામ લોકો,મહિલાઓ મોટી સંખ્યા માં કાર્યક્રમ ઉપસ્થિત રહ્યા હતા.

એમજીવીસીએલ તંત્ર દ્વારા પ્રજાની સુવિધા માટે તાબડતોબ કામગીરી કરાય તેવુ લોકો ઇચ્છે છે

## છોટાઉદેપુર નગરમાં નમી પડેલો લાઈટનો થાંભલો અકસ્માત સર્જે તે પહેલા રીપેર કરવાની લોકમાંગ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.17
વીજળીના વાયર ઉપર નમી પડેલો થાંભલો અકસ્માત સર્જે અને કરંટ લાગે તેવો પ્રજામાં ડર. પરંતુ કોઈને કરંટ લાગે તેવી તંત્ર દ્વારા જોવાતી રાહ. નમી પડેલા લાઈટના થાંભલા સીધા કરવા પ્રજાની માંગ ઉઠી. છોટાઉદેપુર નગરમાં નગરપાલિકા અને એમ. જી. વીસીએલ દ્વારા પ્રજાની સુવિધા માટે તથા પ્રજાને વીજળીનો પ્રકાશ મળી રહે તે માટે ઠેર ઠેર જગ્યા ઉપર વીજ પોલ ઊભા કરવામાં આવ્યા છે. જે ખૂબ સારી બાબત છે પરંતુ આ થાંભલા ની તકેદારી રાખવામાં



આવતી નથી અને ઘણા થાંભલા નમી પડ્યા છે તથા પાયામાંથી ઉખડી ગયા છે જે અંગે કોઈને કરંટ લાગે અથવા તો કોઈ અકસ્માત સર્જાય તો જવાબદારી કોની તેવો પ્રશ્ન સર્જાય રહ્યો છે અત્રે ઉલ્લેખનિય છે કે છોટાઉદેપુર નગરમાં પશુ દવાખાના પાસે અનાજના ગોડાઉનની સામે ડિવાઈડરની ઉપર આવેલો લાઈટનો થાંભલો પાયામાંથી ઉખડી ગયો છે પ્રાપ્ત વિગત અનુસાર અજાણ્યા વાહનની ટક્કરે આ થાંભલો ઉખડી ગયો છે જે થાંભલો ઉપરથી જતા વીજળીના ચોટલા કેબલ ઉપર નમી પડ્યો છે વધુ વજન આવતા આ થાંભલો વાયર લઈને નીચે પડે વીજળીની લાઈન ચાલુ હોય અને સદર વિસ્તાર ઉપર અવર જવર વધુ હોય કોઈને કરંટ લાગે તો નુકસાન થઈ શકે તેમ છે જે અંગે જવાબદારી કોની ? છોટાઉદેપુર નગરમાં ઘણી જગ્યાએ લાઈટના થાંભલા નમી પડેલી હાલતમાં જોવા મળી રહ્યા છે જે પડે અને કોઈને ઈજા પહોંચે તો જવાબદારી કોની હાલમાં વધતો જતો ટ્રાફીક અને વાહનોના કારણે અકસ્માત વધી રહ્યા છે કરંટ લાગવાના બનાવો પણ વધી રહ્યા છે ત્યારે સાવચેતીના રૂપે આ થાંભલા સીધા કરવામાં આવે તેવી પ્રજાની માંગ ઉઠી છે.

## BSWના વિધાર્થીઓએ ડભોઈ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી



(પ્રતિનિધિ) ડભોઈ, તા.17
ડભોઈ પોલીસ સ્ટેશનમાં એસ.એમ. ખેર વિ.જે .કે.એમ સેલ્ફ ફાઈનાન્સ કોલેજ ઓફ બી.એસ.ડબલ્યુ ના વિધાર્થી એ ડભોઇ પોલીસ સ્ટેશનમાં મુલાકાત લીધી હતી ડભોઈ ના નવનિયુક્ત પી.આઇ. જે.એમ. ચાવડા ના માર્ગદર્શન હેઠળ વિધાર્થીઓ ને પી.એસ.આઇ એસ.એમ.ખેર એ સાયબર ક્રાઈમ વિશે ઉંડી સમજ આપી હતી જેમાં બેંક ની વિગતો કે પછી કોઈ પણ ફ્રોડ થાય તો તરત જ સાયબર ક્રાઈમનો સંપર્ક કરવા સમજ આપી હતી.

ત્રણ દિવસ પહેલા બાઇકની ટક્કરે યુવક કેનાલમાં ખાબક્યો હતો

## સમડિયાની મુવાડી ગામના યુવકની લાશ બાકરોલથી બોરૂ રોડ ઉપર કેનાલમાંથી મળી

(પ્રતિનિધિ) કાલોલ, તા.17
કાલોલ તાલુકાના બાકરોલ પાસે સમડિયાની મુવાડી ગામે રહેતા અને ઈનોક્સ કંપનીમાં નોકરી કરતા નરેન્દ્રસિંહ રણજીતસિંહ ગોહિલ ઉ. વ.૪૪ ઉતરાયણના દિવસે બપોરના સુમારે પોતાની મોટરસાયકલ લઈને બાકરોલ થી બોરુ તરફ કેનાલના રસ્તે જતા હતા ત્યારે પોતાનું મોટરસાયકલ ગફલત ભરી રીતે હંકારતા કેનાલની પાળ સાથે અથડાવી દેતા મોટરસાયકલ ઉપરથી ઊછળી નર્મદા કેનાલના પાણીમાં પડી



ગયા હતા. તેઓનું મોટરસાયકલ કેનાલની પાળ પાસે પડેલું જોવા મળેલ હાલોલ તેમજ કાલોલ ના ફાયર બ્રિગેડની ટીમ અને સગા સંબંધીઓ દ્વારા સતત બે દિવસ થી શોધખોળ કરવા છતાં પણ તેઓ મળી આવેલ નહોતા અને આજ રોજ શનિવારે વહેલી સવારે ચાર વાગ્યે નરેન્દ્રસિંહ રણજીતસિંહ ગોહિલ ની લાશ રતનપુર કાંટડી ગામ નજીક નર્મદા કેનાલના પાણીમાં જોવા મળતા પાણીમાંથી બહાર કઢાવી જોતા જમણા પગે પંજાના ભાગે અને ઢીચણના ભાગે ઈજાઓ જોવા મળી હતી.
જેઓની લાશને કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપી કાલોલ પોલીસ મથકે ગોપાલસિંહ રણજીતસિંહ ગોહિલ દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**પાપડ અચાર**
સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે Free Home dilevery Mo. 9099645605 Surat. Ranitalaw (748)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**(સાગર- 9427113317)**
દ્વારકા, સોમનાથ, સારંગપુર, 24- જાન્યુઆરી, ઉજ્જૈન ઓમકારેશ્વર, મંમલેશ્વર

**અયોધ્યા/ વારાણસી**
/ પ્રયાગરાજ ટ્રેન/ એસી ટેમ્પો ટ્રાવેલ સાથે. સુપર ડિલક્ષ હોટલ/ બ્રેકફાસ્ટ/ ડીનરનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉપડવા તારીખ 5 એપ્રિલ, દિવસ- 9. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. (9429507723) જોય એન જોય ટ્રાવેલ્સ. સુરત

**ઓમશિવ ટ્રાવેલ્સ**
22 જાન્યુઆરી, (દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા) (ઉજ્જૈન, મહાકાળેશ્વર, ઓમકારેશ્વર, સિહોર) 23 જાન્યુઆરી, (શીર્ડી, શનિદેવ, સપ્તશૃંગી, સાપુતારા) (ડાકોર, શામળાજી, અંબાજી, મોઢેરા, બહુચરાજી) 27 જાન્યુઆરી, રણઉત્સવ, કચ્છ. માંડવી, આશાપુરા માતા, અંજાર, મોગલધામ. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

નોકરી વિષયક

**સેલ્સ માટે માણસ**
ડ વેચાણના અનુભવી, સેલરી + કમિશન, 8000677977

**જોઈએ છે**
અનુભવી ટર્નર કમ વેલ્ડર, CNC/VMC મશીનના Fanuc કંટ્રોલના ઓપરેટર અનુભવ પ્રમાણે પગાર મળશે કતારગામ GIDC . 9825304506 9825651072

**વોક ઈન ઈન્ટરવ્યુ**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી NACP- V પ્રોગ્રામ અંતર્ગત ચાલતી સંસ્થા એકતા મહિલા મંડળ સુરત દ્વારા કાર્યરત પ્રોજેક્ટ માટે હંગામી ધોરણે ભરતી કરવાની છે. પોસ્ટ- કાઉન્સેલર- 1, લાયકાત:- M.S.W M.A Psychology, M.A Sociology, પગાર- 16000 +T.A ઈન્ટરવ્યુની તારીખ:- 23/01/2026 સમય સવારે 11:00 કલાકે નીચે દર્શાવેલ સ્થળે ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે એડ્રેસ- એકતા મહિલા મંડળ- 2/4387, બીજો માળ, ઈચ્છા મહેતા શેરી, જૂની મહાવીર હોસ્પિટલની બાજુમાં, સગ્રામપુરા, સુરત:- 9586320023

**ફ્લેટ વેચવાના છે**
» જહાંગીરપુરામાં રોઝ ગાર્ડન પાસે
» ૧૬૫૪ સ્કે ફીટ
» ૩ બેડરૂમ /હોલ/ કીચન
» ૧૩૧૦ સ્કે ફીટ
» ૨ બેડરૂમ /હોલ/ કીચન
મો.નં. 8141577577 9879890021

**સુરતના જાણકાર અને**
વિશ્વાસુ જ્વેલર્સને (૧) કોમ્પ્યુટર ઓપરેટર Microsoft Excelના જાણકાર (૨) કેશીયર (૩) રીસેપ્શનીષ્ટ જોઈએ છે. અનુભવીને પ્રાથમિકતા, લાયકાત ધરાવનાર ઉમેદવારને પગારનો કોઈ બાધ નથી. સવારે ૧૧થી ૫ માં રૂબરૂ મળો. ખુશાલભાઈ જ્વેલર્સ, અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લે પોઈન્ટ, સુરત. Mo. 8160859341 (757)

**દુકાનના પરચુરણ**
તથા ક્લેરીકલ કામ માટે લેડીઝ- અરજી સાથે મળો સવારે ૧૦ થી ૧૨ માં G/3 ક્રિષ્ના કોમ્પ્લેક્ષ દિલ્હીગેટ

**સુરતના ખ્યાતનામ**
બિલ્ડરની ઓફિસમાં ટેલિકોલર જોઈએ છે. પગાર 15,000 + કમિશન. સંપર્ક- 8401999721

**કાંટાતાર કંપાઉન્ડ**
કાંટાતાર કંપાઉન્ડ, રેઝર કોઇલ ફીટીંગ કરનાર, દિવાલ ઉપર ઍંગલ મારી તાર મારી આપવામાં આવશે.
સંપર્ક: 9924337821

મિલ્કત જોઈએ છે

**મકાન લેવું છે**
લાલદરવાજા/ મહિધરપુરા આજુ બાજુમાં 38 થી 40 મા મો. 8488968543

મિલ્કત વેચવાની છે

**RCCનું મકાન**
વેચવાનું છે ૨ ગાળા નું ભોંયતળીયુ 3 માળનું, નાનપુરા ધોબીશેરીમાં વ્યાજબી કિંમતે- 9825570197

**ફ્લેટ વેચવાનુ છે**
દસ્તાવેજવાલો ગેસ લાઈન સાથે 2 બેડરૂમ હોલ કિચન (દલાલ આવકાર્ય) પંડોલની પોલ નાણાવટ સુરત Mob- 9879051302- 9979379635, 9898613920 (756)

**બંગલો વેચવાનો છે**
125 વાર 4 BHK કોર્નર
131 વાર 4 BHK કોર્નર
146 વાર 4 BHK ચારેબાજુ કોર્નરનો જબરજસ્ત લોકેશન વાળો બંગલો
જહાંગીરપુરા, પટેલ નગરની સામે 9825928745

**40.75 લાખમાં**
પાલનપુર પાટિયામાં સિલ્વર પ્લાઝામાં 2 બેડરૂમ હોલ કિચનનો ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. દલાલ આવકાર્ય 9727740636 (755)

**ફ્લેટ વેચવાનો છે.**
1- 2 B. H. K. નવું બાંધકામ. અડાજણ- પાલ. 9909601200

**પ્લોટ વેચવાનો છે**
ઉગત કેનાલ વૈષ્ણોદેવી રોડ પર શશાંગ રેસીડેન્સીમાં રોડ ટચનો 195 વારનો પ્લોટ વેચાણથી આપવાનો છે, કોન્ટેક્ટ: 9327615071, 9879280988

**પ્લોટ વેચવાનો છે**
અડાજણ- પાલ. 9909601200

**ફ્લેટ વેચવાનો છે**
પ્રાઈમ માર્કેટ નજીક આનંદમહલ રોડ, 2 બેડરૂમ, હોલ,કિચન. ગેસ લાઈન વીજળીની સુવિધા સાથે Mo. 9825766433 Whatsapp No + 1 5879213459 (758)

**ઓફિસ વેચવાની છે**
ત્રીજા માળે, આગમ ઈમ્પોરીયા બિલ્ડીંગ ન્યુ ઉધના મગદલ્લા, વીઆઈપી રોડ. Mo. 9825596449 Whatsapp No. + 1 5879213459 (759)

**રોહાઉસ વેચવાનું છે.**
નવું બાંધકામ. અડાજણ- પાલ.9909601200

**દુકાન વેચવાની છે**
પહેલા માળે રોડ કોર્નરની મોકાની 1512- સ્કેવર ફીટ, ચાલુ ભાડા સાથે વેચવાની છે, એ, રોયલ પ્લેટિનમ બિલ્ડિંગ પાલનપોર કેનાલ રોડ પર, કોન્ટેક્ટ: 9327615071, 9879280988

**ફ્લેટ વેચવાનો છે.**
3/ 4 B. H. K. નવું બાંધકામ. અડાજણ- પાલ. 9909601200

**દુકાનો વેચવાની છે,**
ઓબેરોન બિઝનેસ હબમાં 725 સ્કેવર ફીટ, મેઈન રોડ પરની બે દુકાનો (ચાલુ ભાડા સાથે) વેચવાની છે, પાલ ગૌરવપથની બાજુમાં, કોન્ટેક્ટ: 9327615071, 9879280988

**ફ્લેટ વેચવાનો**
દસ્તાવેજ ફાઈનલ ૧૧ લાખ બીજો માળ અનાવિલ શેરી સગરામપુરા 8488968543

**પ્રાઈમ લોકેશનમાં**
ફર્નિચરવાળો ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે. 2 BHK 1100, સ્કે. ફીટ. મુક્તાનંદનગર ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ, સુરત. 9825023044 (762)

**60 ફૂટ રોડ ટચ**
બંગલા લાયક પ્લોટ 1000 વાર વેચવાનો છે પીપલોદ 9879100474 (761)

લગ્ન વિષયક

**34 વર્ષની**
પંચાલ ડોક્ટર યુવતી માટે Well Educated યુવક આવકાર્ય. 9512318416

**કેનેડા અમેરિકા સેટલ**
થવા માંગતી લગ્ન ઈચ્છુક કન્યાઓ સંપર્ક કરે શુભ વિવાહ મેરેજ બ્યુરો 9727211122

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.